

**વિધાનસભામાં ગાંધીનગર**

- પ્રકાશ જહા

# જિલ્લામાં બે વર્ષમાં ખનીજ ચોરીના ૬૩૦ કેસ

**ગાંધીનગર જીઆઈડીસીમાં ૫૯ અને ભાટમાં બે મળી કુલ ૬૧ યુનિટો છેલ્લા બે વર્ષથી બંધ હાલતમાં**

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રના આજે અંતિમ દિવસે પણ જિલ્લાના ૧૦ જેટલા પ્રશ્નોત્તરીમાં હતા. આખા સત્ર દરમ્યાન ૩૦૦થી વધુ પ્રશ્નો ગાંધીનગર શહેર અને જિલ્લાને લગતા રજુ થયા છે.

આજે જિલ્લામાં ખનીજ ચોરીના કેસો અંગે કોંગીના બળદેવજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ખાણ-ખનીજ વિભાગનો હવાલો ધરાવતા મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષમાં ૩૧-૧-૧૮ની સ્થિતિએ ૬૩૦ ખનીજ ચોરીના કેસ નોંધાયા છે.

આ કેસો પૈકી ૪૩૮ કેસમાં દંડ વસુલવામાં આવ્યો છે. તેમણે વિગતવાર જવાબમાં જણાવ્યુ છે કે સાદી રેતીના ૫૬૭ કેસ, સાદી માટીના ૩૮, બ્લેક ટ્રેપના ૧૮, ક્વાર્ટઝના ૨, ગ્રેવલના ૩, બિલ્ડીંગ સ્ટોન-૧, સેન્ડ સ્ટોનના ૨, કાર્બોસેલનો ૧ કેસ નોંધાયેલ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે દંડની આકારણી થયેલ હોય તેવા ૧૩ કેસમાં અપીલ દાખલ થયેલ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૧-૨-૧૬થી ૩૧-૧-૧૭ સુધીમાં રોયલ્ટીની આવક ૧૨૩૨.૬૪ લાખ તેમજ ૧-૨-૧૭થી ૩૧-૧-૧૮ સુધીમાં રોયલ્ટીની આવક ૧૨૯૬.૫૪ લાખ થઈ છે. જ્યારે દંડની આવક ૧-૨-૧૬ થી ૩૧-૧-૧૭ સુધીમાં ૨૩૭.૬૬ લાખ અને ૧-૨-૧૭ થી ૩૧-૧-૧૮ સુધીમાં ૧૪૭.૩૫ લાખની નોંધાઈ છે.

ઊંઝાના ડૉ. આશાબેન પટેલના અન્ય એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં મુખ્ય ખનીજોની લીઝ કે બ્લોક હરાજીથી આવ્યા નથી.

● **માણસાના અલાયદુ પોલીસ સ્ટેશન**

કોંગીના સુરેશ પટેલે માણસા શહેર અને ગ્રામ્યના અલગ પોલીસ સ્ટેશન બનાવવા અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે હાલ માણસા શહેર અને ગ્રામ્યનું અલગ પોલીસ સ્ટેશન બનાવવાની જરૂરિયાત સંદર્ભની કોઈ બાબત સરકારની વિચારણામાં નથી.

● **વ્યાજ સહાય**

ભાજપના દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાયની અરજીઓ તંત્રને મળી જેના લેખિત ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ કે ૪૬૧ એકમોની આવી અરજીઓ તંત્રને મળી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે આ પૈકી વર્ષ ૨૦૧૬માં ૧૬૭ એકમો અને વર્ષ ૨૦૧૭માં ૧૨૯ એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

આ પૈકી ૧૭૨ એકમોને રૂ. ૪૮૦.૯૨ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

● **સીસીટીવી કેમેરા**

ચંદનજી ઠાકોરે ગાંધીનગર જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં મુકાયેલ સીસીટીવી કેમેરા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગૃહમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં ૨૦૧ કેમેરાઓ મુકવામાં આવેલ છે.

આ પૈકી ૨૩ કેમેરા હાલમાં બંધ છે.

● **દહેગામ નગરપાલિકાને સહાય**

દહેગામના ભાજપી ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે દહેગામ નગરપાલિકાને સફાઈ માટે અપાયેલી સહાય અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે સફાઈવેરા પ્રોત્સાહક યોજના અન્વયે વર્ષ ૨૦૧૭-૧૮માં ૩૧-૧૨-૧૭ સ્થિતિએ રૂ. ૧૯,૪૧,૦૦૩ની સહાય આપવામાં આવેલ છે.

● **અને છેલ્લે...**

ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર શહેરમાં આવેલ જીઆઈડીસીમાં છેલ્લા હે વર્ષમાં કેટલા યુનિટો બંધ હાલતમાં છે તેવા પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર શહેરમાં ૫૯ તથા ભાટ જીઆઈડીસીમાં ૨ મળી તાલુકામાં ૬૧ યુનિટો બંધ છે.


## જાહેર ચેતવણી

આથી અમો નીચે સહી કરનાર એડવૉકેટ શ્રી પ્રવિણસિંહ કે. રાઓલ તે અમારા અસીલ રાઓલ ભાવિકાબેન ધર્મેશ્વરસિંહ તથા રાઓલ ધર્મેશ્વરસિંહ રામસિંહ, રહે. ૧૮/૨, સેક્ટર-૨૫, સૂર્યનારાયણ સોસાયટી, ગાંધીનગરની સુચના અને ફરમાઈશથી આ જાહેર જનતા જોગ ચેતવણી આપી જણાવીએ છીએ કે...,

જત ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર, તાલુકે ગાંધીનગરના મોજે ગામ કુડાસણની સીમમાં આવેલ 'સીલ્વર શુકન' એ નામની ફલેટોની સ્કીમના ફલેટો પૈકી ફલેટ નં. ઈ/૮૦૧ વાળો ફલેટ આવેલ છે જે ફલેટ અમારા અસીલશ્રી રાઓલ ભાવિકાબેન ધર્મેશ્વરસિંહ તથા રાઓલ ધર્મેશ્વરસિંહ રામસિંહ ને રૂ. ૨૫,૦૦,૦૦૦/- પુરામાં વેચાણ આપવાનું નક્કી કરેલ અને રાવલ નિતેષકુમમાર વાસુદેવભાઈ નાઓએ ૬/૫/૨૦૧૫ના રોજ સમજુતિ કરાર કરીને રૂ. ૨૫,૦૦,૦૦૦/- પુરા અમારા અસીલે આપેલ અને તા. ૨૭/૩/૨૦૧૭ના રોજ સંમતિ પત્રક કરીને અમારા અસીલ સદરહુ મિલકતનો કબજો ભોગવટો આપેલ અને અમારા અસીલને જણાવેલ કે સદરહુ મિલકત ઉપર હાલમાં આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની લોન ચાલુ છે જે અમો ભરપાઈને તમોને રજી. વેચાણ દસ્તાવેજ કરી આપીસું તેમ જણાવેલ. તેમ છતાં અમારા અસીલને વેચાણ દસ્તાવેજ કરી આપેલ નથી. અને હાલમાં રાવલ નિતેષકુમાર વાસુદેવભાઈ નાઓ સદરહુ મિલકત અન્ય વ્યક્તિઓને વેચાણ કરવાની પેરવી કરી રહેલ હોય જેથી સદરહુ મિલકત ઉપર અમારા અસીલનો કબજો હોય જેથી કોઈપણ વ્યક્તિએ સદરહુ મિલકતમાં ગેરકાયદેસર અને બિનઅધિકૃત રીતે પ્રવેશ કરવો કે કરાવવો નહી. તેમ છતાં જો કોઈ વ્યક્તિ દ્વારા ગેરકાયદેસર પ્રવેશ કરવામાં આવશે કે કોઈ ગેરકાયદેસર કૃત્ય કરશે તો તેવી વ્યક્તિ વિરુદ્ધ અમારા અસીલ કાયદેસરની ફોજદારી તેમજ દિવાની રાહે કાર્યવાહી કરશે જેની ગંભીર નોંધ લેશો. જે જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૮/૪/૨૦૧૮
ગાંધીનગર

સહી/-
શ્રી પ્રવિણસિંહ કે. રાઓલ
એડવોકેટ એન્ડ નોટરી



EUREKA FORBES
Your friend for life



એક્વાગાર્ડ વોટર પ્યુરિફાઈર એન્ડ R.O., વેક્યુમ ક્લીનર, એર પ્યુરિફાઈર

ઓથો. ડીસ્ટ્રીબ્યુટર

ઉમિયા સેલ્સ કોર્પોરેશન

મો. ૯૮૭૯૦ ૯૦૯૪૯


# હવે, ગાંધીનગરમાં વિજય માલ્યા વાળી..!

**સેક્ટર-૧માં કાગળ ઉપર કંપની ઉભી કરીને પુર્વ હેડ કોન્સ્ટેબલ સહીત ત્રણ શખ્સોએ દેના બેંકની સે. ૧૬ની શાખામાંથી ૫.૧૩ કરોડની લોન લીધી હવે કહી દીધુ જે થાય તે કરી લેજો : છેતરપીંડીની ફરીયાદ**



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પોલીસમાં જ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો નિર્ભયસિંહ રાવ ખાતામાંથી સસ્પેન્ડ કરી દેવાયો છે. આ શખ્સે અન્ય બે સાગરીતો સાથે મળીને સેક્ટર-૧માં કાગળ ઉપર કંપની ઉભી કરીને બેંકમાંથી લોન લઈ લીધી હતી. રૂ. ૫.૧૩ કરોડની ઉઘરાણી બેંક દ્વારા શરૂ કરવામાં આવી તો કહી દીધુ કે તમારાથી થાય તે કરી લો... લોન નહી ભરીને બેંક સાથે રૂ. ૫.૧૩ કરોડની છેતરપીંડી કરવાના કેસમાં સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં બેંક મેનેજરે ફરીયાદ આપતા પોલીસે ત્રણેય સામે ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરૂ કરી છે.

દેનાબેંકમાં વર્ષ ૧૯૮૮થી ફરજ બજાવતા બેંક મેનેજર માધવ પરચારામ મોટવાણીએ પાંચેક મહિના પહેલા દેનાબેંકની ગાંધીનગર, સેક્ટર-૧૬ ખાતે આવેલી શાખામાં મેનેજર તરીકે ચાર્જ સંભાળ્યો હતો. તેમણે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદ મુજબ ગાંધીનગર સેક્ટર-૧ના પ્લોટ નં. ૪૦૯/એના સરનામાથી મેસર્સ ડ્યુક એન્ટરપ્રાઈઝ પ્રાઈવેટ લીમીટેડ કંપની રજીસ્ટર્ડ થયેલી છે. તેના ડાયરેક્ટર નિર્ભયસિંહ રાવ, ભગીરથસિંહ રાવ અને સમીરનાથસિંહ રાવ ત્રણેય વર્ષ ૨૦૧૪માં દેનાબેંક સે. ૧૬ની શાખા પાસેથી રૂ. ૪,૯૫,૦૦,૦૦૦ની સી.સી. હાઈપોથીકેશનની લોન મેળવી હતી. લોન મેળવ્યા બાદ આ કંપનીના નામે થોડો સમય ધંધો સારો ચલાવ્યો અને ત્યાર બાદ હપ્તા ભરવાનું બંધ કરી દીધુ હતુ. ત્રણેય કાગળ ઉપરના ડાયરેક્ટરોને નોટીસો પાઠવ્યા છતાં લોન ન ભરતા બેંક દ્વારા રૂબરૂ મુલાકાત ગોઠવી લોન ભરવા કહેવામાં આવ્યુ હતુ. તમારાથી થાય તે કરી લેજો તેવા ઉધ્ધત જવાબ આપી દેવામાં આવતા બેંક અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. વ્યાજ સાથે રૂ. ૫,૧૨,૯૦,૪૩૭ જેટલી રકમની રીકવરીની નોટીસ તથા ડીઆરટી કોર્ટમાં કાર્યવાહી કરવા છતાં બેંકના નાણા ભરપાઈ ન કરનાર ત્રણેય ઠગ સામે મેનેજરે સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદ નોંધાવી છે.

નોંધનીય બાબત છે કે સામાન્ય સ્કૂટરની લોન આપતા પહેલા બેંકો દ્વારા પચ્ચીસથી પચાસ કાગળો ઉપર સહીઓ કરાવીને ક્રોસ વેરીફીકેશન કરવામાં આવે છે તો પહેલેથી અનેક ગુનાઓમાં સંડોવાયેલા શખ્સ નિર્ભયસિંહ રાવ કે જે સસ્પેન્ડ પણ કરી દેવાયો છે તેને આટલી મોટી રકમની લોન કેવી રીતે અને કોની સંડોવણીથી અપાઈ તે પણ તપાસનો વિષય છે. આ બેંકના પૂર્વ મેનેજર જે.એસ. મુલતાનીનું અવસાન થઈ ગયુ છે. જેમના કાર્યકાળ દરમ્યાન આ કાગળ પરની કંપનીને લોન આપવામાં આવી હતી. આ ઠગ કંપનીના અન્ય કૌભાંડો બહાર આવે તેવી પણ શક્યતા છે.

# જિલ્લામાં બે વર્ષમાં દારૂની હેરાફેરીના ૨૮૯ કેસ નોંધાયા

**ગાંધીનગર શહેરમાં બે વર્ષમાં ઘરફોડ ચોરીના ૯૮ કેસ**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૩૧-૧૨-૧૭ની સ્થિતિએ દારૂની હેરાફેરીના ૨૮૯ કેસ નોંધાયા છે. અને તે પૈકી ૧,૭૭,૭૦૩ બોટલ વિદેશી દારૂ પકડાયો છે.

આજે રાજય વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાના લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું છે.

તેમણે જણાવ્યું છે કે આ કેસો અન્વયે ૪૨૯ આરોપીઓની ધરપકડ કરી છે. જે પૈકી ૧૯૬ ઈસમો વિરૂધ્ધ પ્રોહીબીશન એક્ટ ૧૯૯૩, ૩ ઈસમો વિરૂધ્ધ તડીપાર અને ૮ ઈસમો વિરૂધ્ધ પાસાની કાર્યવાહી કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું છે કે બહારની એજન્સી દ્વારા ગણનાપાત્ર કેસ અન્વયે સ્થાનિક પોલિસની કેસ શોધવાની જવાબદારી અંગે ઉચ્ચ કક્ષાએ તપાસ સોંપવામાં આવેલ છે.

તેમણે એમ પણ જણાવ્યું છે કે ૬ કેસમાં સ્થાનિક પોલિસની જવાબદારી અંગે તપાસ હાલ ચાલુ છે. ડૉ. ચાવડાએ ગાંધીનગર શહેર અને તાલુકામાં ગુન્હાહિત કૃત્યો અંગે પુછેલા એક અન્ય લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૧૭ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં ઘરફોડ ચોરીના ૯૮, ચેઈન સ્નેચીંગના ૧૨ અને બળાત્કારના ૬ ગુના નોધાયા છે જયારે ગાંધીનગર તાલુકામાં ઘરફોડ ચોરીના ૬૧, ચેઈન સ્નેચીંગના ૧૧ અને બળાત્કારના ૭ ગુના નોંધાયા છે. આ કેસોમાં સંડોવાયેલા ૪૪ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે.

## ગાંધીનગરમાં ૩ દારૂના પરવાનેદારો પાસેથી ૨૩.૫૩ લાખની આવક થઈ

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં દારૂના વેચાણના પરવાનાને લઈ બેચરાજીના ભરતજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નશાબંધી મંત્રીએ જણાવ્યુ છે કે આ બે જિલ્લામાં કુલ ૪ પરવાનેદારોની દુકાનો છે. આ ચાર દુકાનોમાંથી ૩ દુકાનો ગાંધીનગરમાં છે. ગાંધીનગરની ૩ દુકાનોમાંથી ૨૩.૫૩ લાખની આવક સરકારને મળી છે. જ્યારે બન્ને જિલ્લાની થી ૩૯.૧૮ લાખની આવક થઈ છે. છેલ્લા બે વર્ષમાં આ ૪ પરવાનેદારો દ્વારા ૩૧.૧૨૧ કિલો લીટર વિદેશી દારૂ અને ૨૦૩.૬૬૫ કિલો લીટર બિયરનું વેચાણ કરવામાં આવેલ છે.

# જાણીતા કવિ ભાગ્યેશ જહા ફ્લોરિડા કાવ્ય મહોત્સવમાં ભાગ લેવા રવાના



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના જાણીતા કવિ અને ચિંતક ભાગ્યેશ જહા મંગળવારે મોડીરાત્રે ફ્લોરિડા કાવ્ય સંમેલનમાં હાજરી આપવા રવાના થયા હતા. ફ્લોરિડા યુનિવર્સિટી દ્વારા ઉજવાતા સુવર્ણા દિનેશ શાહ ચોથા કાવ્ય મહોત્સવમાં ગાંધીનગરના ભાગ્યેશ જહા અને મુંબઈથી શ્રી હિતેન આનંદપરા ભાગ લેવા જઈ રહ્યા છે. ખૂબ જ પ્રતિષ્ઠિત કાવ્ય મહોત્સવમાં ભાગ લેવા જઈ રહેલા બંને કવિઓથી ગુજરાતી ભાષાનું ગૌરવ વધ્યું છે. આ કાવ્ય મહોત્સવમાં ડૉ. દિનેશ શાહ ઉપરાંત અમેરિકા સ્થિત અનેક કવિઓ અને સાહિત્યકારો એકઠા થઈ રહ્યા છે. ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત કવિઓ ૩૧મી માર્ચ અને ૧લી એપ્રીલે કવિતાઓ રજૂ કરશે.

સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝ દ્વારા યોજાયેલ ગોષ્ઠિમાં ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત કવિ ભાગ્યેશ જહા પ્રવચન આપશે. એમનો વિષય 'કૃષ્ણ મારી દૃષ્ટિએ'. જાણીતા વકતા અને હરિન્દ્ર દવે એવૉર્ડ વિજેતા ભાગ્યેશ જહાના આગમનના સમાચારથી ગુજરાતી ભાષાના ભાવકોમાં ભારે આનંદ અને ઉત્સાહની લાગણી પ્રવર્તી છે. આ જ ગોષ્ઠિમાં 'કવિતાનો આનંદ' વિષય પર ચિત્રલેખાના જાણીતા કટાર લેખક હિતેન આનંદપરા વક્તવ્ય આપશે.

ભાગ્યેશ જહા અમેરિકામાં યોજાતા ગુજરાતી ભાષાના સાહિત્યિક અને ગુજરાતના સાંસ્કૃતિક મહોત્સવમાં છેલ્લા દાયકાથી નિયમિત રીતે ભાગ લે છે. તેમનો બહોળો ચાહક વર્ગ પણ તેમને સાંભળવા ઉમટે છે. ચલો ગુજરાત અને ગુજરાતી મહોત્સવમાં અગાઉ પણ તેમની અભિવ્યક્તિને પ્રચંડ પ્રતિસાદ પ્રાપ્ત થયો છે.



તડબૂચના ઢગ ખડકાયા - ગરમીનો પારો ઉંચે ચડતા જ જથ્થાબંધ તડબૂચ શહેરના બજારમાં ઠલવાયા છે... આરોગ્યની દૃષ્ટિએ ખૂબ જ ઉપયોગી અને સૌને પોષાય એવું ફળ એટલે તડબૂચ... ગરમીથી રક્ષણ આપે, સાથો સાથ સમુહ જીવનના પાઠ શીખવે... એવું મધ્યમ વર્ગનું લોકભોગ્ય ફળ તડબૂચ આજકાલ બજારમાં ભારે માત્રામાં ઉપલબ્ધ બન્યું છે....

# મહાત્મા મંદિરનુ સાડાચાર કરોડનું ભાડુ વસુલવાનુ બાકી છે : મુખ્યમંત્રી

**છેલ્લા બે વર્ષમાં ૧૦૪ કાર્યક્રમો થયા જેમાં ૫૮ સરકારી અને ૪૬ ખાનગી કાર્યક્રમો**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરનુ આગવુ આકર્ષણ તરીકે ઓળખાતા મહાત્મા મંદિરના ભાડે પેટે રૂ. ૪ કરોડથી પણ વધુનુ ભાડુ વસુલવાનુ બાકી છે.

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં મહાત્મા મંદિરની બાકી ભાડુ વસુલાતનો મુદો ચમક્યો છે. કોંગ્રેસના સિનીયર ધારાસભ્ય મોહનસિંહ રાઠવાએ આ અંગે લેખિત પ્રશ્ન કર્યો છે.

રાઠવાના લેખિત પ્રશ્નના લેખિત ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે ૩૧-૧-૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા મંદિરમાં કુલ ૧૦૪ કાર્યક્રમો યોજાયા છે. જેમાં ૫૮ સરકારી અને ૪૩ ખાનગી કાર્યક્રમો છે. આ સંખ્યામાં જાન્યુઆરી ૨૦૧૭માં વાયબ્રન્ટ ગુજરાત સમિટ અંતર્ગત યોજાયેલ કાર્યક્રમોનો સમાવેશ થતો નથી.

તેમણે જણાવ્યુ છે કે ૩૧-૧-૧૮ની સ્થિતિએ ગાંધીનગરમાં આવેલ મહાત્મા મંદિરમાં વર્ષ ૨૦૧૬માં ૪૪ કાર્યક્રમો યોજાયા. જેમાં ૨૩ સરકારી અને ૨૧ ખાનગી કાર્યક્રમો છે.

વર્ષ ૨૦૧૭માં કુલ ૫૩ કાર્યક્રમો યોજાયા જેમાં ૩૧ સરકારી અને ૨૨ ખાનગી કાર્યક્રમો છે. વર્ષ ૨૦૧૮માં તા. ૩૧-૧-૨૮ સુધીમાં કુલ ૭ કાર્યક્રમો યોજાયા જેમાં ૪ સરકારી અને ૩ ખાનગી કાર્યક્રમો છે.

મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે આ કાર્યક્રમો અન્વયે કુલ રૂ. ૧૨,૨૫,૩૭,૯૧૨ની રકમ ભાડા પેટે આકારવામાં આવી છે. આ પૈકી રૂ. ૧૦,૭૯,૯૧,૩૪૧ની વસુલાત થયેલ છે અને રૂ. ૧,૪૫,૪૬,૫૭૧ની વસુલાત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રાઠવાના જ પૂરક પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે ૨૦૧૪, ૨૦૨૫માં બાકી રકમ રૂ. ૩,૯૧,૦૫,૦૮૪ પૈકી હાલ સુધીમાં ૭૮,૧૧,૨૮૯ની વસુલાત થયેલ છે અને રૂ. ૩,૧૨,૯૩,૭૯૫ની વસુલાત બાકી છે. આમ વર્ષ ૨૦૧૪થી ૩૧-૧-૧૮ સુધીમાં રૂ. ૪,૫૮,૪૦,૩૬૬ની ભાડા વસુલાત મહાત્મા મંદિરની બાકી રહેવા પામી છે.

મહાત્મા મંદિર સતત વિવાદોમાં રહેવા પામ્યુ છે ત્યારે ભાડા વસુલાતની આટલી મોટી બાકીએ વધુ એક વિવાદ તેના નામે કર્યો છે.

# સરકારી બોર્ડ-નિગમોએ અઢાર કરોડનું દેવાળુ ફૂંક્યુ : કેગ રિપોર્ટ

**૫૪ જાહેર સાહસોમાં ૩૬૪૭ કરોડનો નફો : વર્ષ ૨૦૧૬-૧૭ની નાણાંકીય સ્થિતિ, આર્થિક સ્થિતિ, મહેસૂલ અને સામાજિક સમીક્ષાનો અહેવાલ રજૂ કરાયો**

ગાંધીનગર,તા.૨૮

બજેટ સત્રના છેલ્લા દિવસે આજે ગુજરાત વિધાનસભામાં કેગનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો. વર્ષ ૨૦૧૬-૧૭ની નાણાંકીય સ્થિતિ, આર્થિક સ્થિતિ, મહેસુલ અને સામાજિક સમીક્ષાનો કેગનો અહેવાલ નાયબ મુખ્યપ્રધાન નીતિનભાઈ પટેલે રજૂ કર્યો. નીતિનભાઈ પટેલે ત્રણ અલગ અલગ સ્વરૂપમાં કેગનો ઓડિટ રિપોર્ટ રજૂ કર્યો.

મળતી માહિતી મુજબ, આજે વિધાનસભા ગૃહમાં કેગનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો, જેમાં કેગ ઓડિટ રિપોર્ટમાં સરકાર પર ઘણા ટિપ્પણી કરવામાં આવી છે. કેગના અહેવાલ અનુસાર રાજ્ય સરકારના જાહેર સાહસો ખોટમાં છે તેવો રિપોર્ટ રજૂ કરાયો છે. ૫૪ જાહેર સાહસોમાં ૩૬૪૭ કરોડનો નફો થયો છે, જ્યારે સામે ૧૪ જાહેર સાહસોમાં ૧૮,૧૪૨ કરોડની ખોટ થઈ છે.

કેગના રિપોર્ટમાં ટીપ્પણી કરવામાં આવી છે કે, સરકારે જોગવાઈઓ વિના ખર્ચ કર્યો છે. કેગના અહેવાલમાં રાજ્ય સરકારના સબ રજિસ્ટ્રારની અનિયમિતતા પણ સામે આવી છે. ૧૦૩ કેસમાં ૯૯.૯૮ કરોડની વસૂલાતમાં અનિયમિતતા સામે આવી છે. કેગના અહેવાલમાં ખાણ અને ખનીજ વિભાગ પર ગંભીર

● અનુસંધાન પાન-૭ પર

## સિંહના સંરક્ષણમાં ગુજરાત સરકાર ઉદાસીન જ રહી છે

ગાંધીનગર,તા. ૨૮

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે રજૂ થયેલા કેગના અહેવાલમાં ઘણી ચોંકાવનારી અને સંવેદનશીલ વાતોનો ઘટસ્ફોટ થયો છે. એશિયન સિંહોના સંરક્ષણ અને તેના સંવર્ધન મામલે ગુજરાત સરકારની બહુ મોટી નિષ્ફળતા સામે આવી હતી. એટલું જ નહી, સિંહોની વસ્તી ધરાવતા વિસ્તારોમાં રેલવે ટ્રેકની આસપાસ ફરતાં સિંહોને રોકવામાં અને ટેકનોલોજીની અસરકારક અમલવારીને લઈ સરકારી તંત્ર નિષ્ફળ રહ્યું હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ પણ કેગના અહેવાલમાં થયો છે. કેગના અહેવાલમાં જણાવાયું હતુ કે, એશિયન સિંહોના સંરક્ષણ માટે આધુનિક ટેક્નોલોજી દાખલ કરવી એ ગીર રક્ષિત વિસ્તારના વ્યવસ્થાપન આયોજનનો એક ભાગ હતો. માર્ચ ૨૦૦૭માં સાત સિંહોના શિકાર પછી વન અને પર્યાવરણ વિભાગ આવા બનાવોનું પુનરાવર્તન ન થાય એ માટે આધુનિક ટેક્નોલોજીના ઉપયોગની શક્યતા તપાસવા માટે એક ટાસ્ક ફોર્સની રચના મે, ૨૦૦૭માં કરી હતી.


www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com